સુવર્ણચન્દ્રક સમારંભ પ્રસંગે

[૪]

આ ચંદ્રક-અર્પણનો વિધિ વૈયક્તિક છે એમ હું નથી સમજતો. અમુક વ્યક્તિ બીજી કોઈ ખાસ વ્યક્તિને જ્યારે આવું કાંઈ અર્પણ કરે ત્યારે તે વિધિ વૈયક્તિક બને છે, પણ હું તો આવા વિધિને માત્ર શાસ્ત્રીય જ્ઞાન તેમ જ સત્યશોધક વૃત્તિની મૂલવણીની વિધિ સમજું છું, તેથી આવા વિધિ પ્રસંગે મારે કોઈનો આભાર માનવાપણું રહેતું જ નથી. આવી અર્પણવિધિમાં એક અથવા બીજી રીતે ભાગ લેનાર બધા જ શાસ્ત્ર, જ્ઞાન તેમ જ સત્યસંશોધક વૃત્તિના એકસરખા પૂજારી છે. જ્યાં પૂજા એક જ હોય અને તે એક જ ગુણની ત્યાં એમાં ભાગ લેનાર ગમે તેટલા હોય છતાં કોણ કોનો આભાર માને !

કુળમાર્ગથી જુદા પડવાનું કારણ

સ્વાભાવિક રીતે જ અહીં ઉપસ્થિત હોય એવા બધાને કુતૂહલ થયા વિના ન રહે, કે મારા જેવો લાચાર સ્થિતિમાં પડેલ માણસ છેવટે સત્ય-સંશોધનને માર્ગે કેવી રીતે વળ્યો? તેથી હું મારા જીવનને લગતા એટલા જ ભાગની ટૂંકમાં કથા કહું તો તે કેટલેક અંશે ઘણાખરાને પોતાની જીવનકથા સાથે મળતી દેખાશે અને એમાંથી અચરજ કે અદ્ભુતતાનું તત્ત્વ આપોઆપ ઓછું થઈ જશે, જેથી જીવનની સહજ સપાટીનો વિચાર પણ કરી શકાય.

જે કુળ કે વંશમાં શાસ્ત્રીય જ્ઞાનનો ભાગ્યે જ વારસો ચાલ્યો આવતો હોય તેવા માત્ર વ્યાપારજીવી કુળમાં જન્મવા અને ઉછેર પામવા છતાં હું કુલમાર્ગથી જુદે રસ્તે ગયો તેનું મુખ્યત્વે એકમાત્ર કારણ જિજીવિષા છે.

જીવનની ઇચ્છા બળવતી હોય ત્યારે તે પોતાની સિદ્ધિ માટે કોઈ ને કોઈ રસ્તે ફાંફાં મારે છે. એમાંથી ક્યારેક સામાન્ય રીતે કલ્પ્યું ન હોય તેવું પરિણામ પણ આવે છે. સોળેક વર્ષની ઉંમરે મારું નેત્રાદ્વૈતનું વિશ્વ અલોપ થયું અને અંધકારાદ્વૈતનું વિશ્વ આવિર્ભાવ પામ્યું. શ્રવણેન્દ્રિય કુંઠિત થાય ત્યારે અગર નાસિકેન્દ્રિય કામ કરતી બંધ પડે ત્યારે મુશ્કેલી અવશ્ય અનુભવાય છે. છતાં બીજી કોઈપણ ઇન્દ્રિયના વધ કરતાં નેત્રનો વધ વધારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુશ્કેલી ઊભી કરે છે. એ વખતે જીવન વધારેમાં વધારે ગૂંગળામણ અનુભવે છે. મૃત્યુને કિનારે લઈ જાય એવી જીવનગૂંગળામણ અને બળવતી જિજીવિષા એ બન્ને વચ્ચે અકથ્ય દ્વન્દ્વ ઊભું થાય છે. મારે માટે આ દ્વન્દ્વ એક કાળે મહા જલભ્રમરમાં સપડાયેલ પણ ક્ષેમપૂર્વક નીકળવા મથતી નૌકાના દ્વન્દ્વ જેવું હતું. એમ લાગે છે કે, ગૂંગળામણના બળ કરતાં જિજીવિષાનું બળ વધારે હોવું જોઈએ, તેથી જ એણે પોતાની સિદ્ધિ અર્થે અનેકવિધ ફાંફાં મારવાં શરૂ કર્યાં. એમાંથી એને એક ત્રાણ–માર્ગ લાધ્યો, જે વસ્તુ સામાન્ય અને સહજ હતી તેમ જ જે ઘરઆંગણે હતી તે અત્યાર લગી નકામી ભાસતી, પણ હવે તે ઉપયોગી સિદ્ધ થઈ. આ વસ્તુ એટલે કુળ-પરંપરાગત ધર્મસંસ્થાનો આશ્રય. અત્યારે હું આવી ધર્મસંસ્થામાં સામાન્ય રીતે ત્રણ બાબતનો સમાવેશ કરું છું: ગુરુવર્ગ, શાસ્ત્રજ્ઞાન અને સાંપ્રદાયિક આચાર. કુળધર્મ સ્થાનકવાસી હોવાથી મને સહેજે આ ત્રણ બાબતો પ્રાપ્ત હતી. જિજીવિષાએ જિજ્ઞાસાને સતેજ કરી, અને તેણે સંકલ્પ તેમ જ પ્રયત્ન-બળ અર્પ્યું. મારી જિજ્ઞાસા કુળધર્મનાં ઉપર સૂચવેલ ત્રણ અંગોની આસ-પાસ સંતોષાતી. એ ત્રણ અંગોનું વર્તુલ જેટલું સાંકડું તેથીય પણ વધુ સાંકડું મારી સમજણનું વર્તુલ; એટલે સ્વાભાવિક રીતે જ હું જે કોઈ ગુરુને મળતો કે તેની પાસેથી જે કાંઈ શ્રવણ કરતો, અગર જે કાંઈ કુળાચાર આચરતો તે જ મારે માટે તે વખતે અંતિમ સત્ય હતું. અલબત્ત, ઉત્તરોત્તર આગળ વધવાની અને ઊંડા ઊતરવાની ઇચ્છા જાગ્રત રહેતી. પણ એને પૂર્ણપણે સંતોષવાનાં કોઈપણ સાધનો સામે ન હોવાથી તેને વેગ મળતો નહીં. આને લીધે મારા મન ઉપર છાપ એક જ પડેલી કે ધર્મ સાચો હોય તો તે જૈન ધર્મ. મારી જૈન ધર્મની તે વખતની પરિભાષા ઉપર સૂચવેલ સ્થાનકવાસી પરમ્પરાનાં ત્રણ અંગોમાં જ સીમિત હતી. આ બહારનો બીજો કોઈ ધર્મ અગર જૈન ધર્મનો બીજો કોઈ ફાંટો એ મારે મન મિથ્યાધર્મ જેવો હતો.

પણ આ સ્થિતિ કાયમ બને તે પહેલાં જિજ્ઞાસાએ પલટો ખાધો. જે કાંઈ સાધનહીન ગામડામાં સાધુસાધ્વીના મુખથી કે તેમના સંસર્ગથી શીખેલો તે સાવ અપૂર્ણ જણાવા લાગ્યું. અહીંથી પહેલી સીમા પૂરી થઈ અને નવી સીમા શરૂ થઈ. સંસ્કૃત જ્ઞાન વિના જૈન શાસ્ત્રનું જ્ઞાન સાવ અધૂરું અને પાંગળું જ હોઈ શકે એવી પ્રતીતિ થતાં સંસ્કૃત શીખવાની ઉત્કટ તમન્ના જાગી. જે બે–ચાર સચ્ચરિત્ર સ્થાનકવાસી સંસ્કૃતજ્ઞ સાધુઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિચયમાં આવ્યા તેમની પરિચર્યા અને સહાનુભૂતિથી હું સંસ્કૃત શીખવાના પંથે તો પડ્યો પણ મને એ પંથ પૂરતો ન લાગ્યો. વધારે શુદ્ધ અને વધારે સમર્થ એવા સંસ્કૃત જ્ઞાનની ભૂખે મને વ્યાકુળ કરી મૂક્યો. એણે ઊંઘ ઉડાડી, સ્વપ્નો સર્જાવ્યાં, સ્વપ્નો એવાં કે જાણે હું અવારનવાર આકાશમાં ઊડતો હોઉં. મને એમ લાગેલું કે આકાશમાં ઊડવાનાં આ સ્વપ્નો માત્ર માનસિક અસ્વસ્થતામાંથી પેદા થયેલ વાતવ્યાધિનું પરિણામ હોવાં જોઈએ. છેવટે મને સંસ્કૃતજ્ઞાન મેળવવાની સમર્થ ભૂમિકા મળી ગઈ.

આવી સમર્થ ભૂમિકા પૂરી પાડનાર સ્વર્ગવાસી શાસ્ત્રવિશારદ વિજયધર્મસૂરીશ્વર. અહીં અત્યારે જે હાજર છે તે શ્રીયુત છોટાલાલભાઈ વકીલ તે વખતે કાશી યશોવિજય પાઠશાળાના બે પૈકી એક મંત્રી. બીજા મંત્રી તેમના જ શિક્ષક શ્રીયુત રત્નચંદ માસ્તર હતા. શ્રીયુત છોટાલાલભાઈ તો તે વખતે હજી વકીલાતનો અભ્યાસ જ કરતા. તેમને પ્રમાણિકપણે એમ લાગેલું કે સુખલાલ કાશી જશે તો તેને વધારે મુશ્કેલી પડશે તેથી તે બન્ને મંત્રીઓ શરૂઆતમાં મને કાશી મોકલતાં ખંચકાયા. પણ જ્યારે વિજયધર્મસૂરીશ્વરનો તેમના ઉપર મને તત્કાળ રવાના કરવાનો તાર આવ્યો ત્યારે તેઓ મને મોકલવામાં સંમત થયા અને મને પણ નિરાંત વળી. એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે હજી લગી હું પત્રવ્યવહાર, ઉપરાંત વિજયધર્મસૂરીને કોઈ પણ રીતે જાણતો નહીં. મેં મારી અંધકારાદ્વૈત વિશ્વની સ્થિતિ તો તેમને જણાવેલી જ. ક્યાં ઝાલાવાડ અને ક્યાં સ્વતંત્રતાસાધ્ય સંસ્કૃતનું શિક્ષણ; તેમ છતાં વિજયધર્મસૂરીશ્વરને મને કાશી બોલાવવા માટે નિર્ણય કરવામાં એક પણ ક્ષણની વાર ન લાગી. એને દૈવયોગ કહો કે ઉત્કટ જિજ્ઞાસાનું પરિણામ કહો પણ મારે માટે અહીંથી અભ્યાસની નવી સીમાનો પ્રારંભ થયો.

અભ્યાસ તો કરવો હતો સંસ્કૃત ભાષા અને તેમાં લખાયેલ વિવિધ શાસ્ત્રોનો, જેનું મને કાંઈ વિશેષ ભાન ન હતું. પણ આ ભાષા અને એમાં લખાયેલ શાસ્ત્રો એ બધું સંપ્રદાયાધીન હોવાથી એનું શિક્ષણ લેવા અને આપવામાં અનેક ભયસ્થાનો રહેલાં છે, તેમ જ અનેક વિરોધી બળો મનને મૂંઝવી પણ નાખે છે. આ સ્થિતિનું ભાન હવે સવિશેષપણે થવા લાગ્યું, ને ઇષ્ટ શિક્ષણ લેવા છતાં અનેક જાતનાં હૃદયને હચમચાવી નાખે એવાં મંથનો પણ શરૂ થયાં.

મારા પ્રાથમિક શિક્ષણની વેલ જે સ્થાનકવાસી પંથની વાડને અવ-

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

લંબી થોડીક વિસ્તરેલી, તેણે ધાર્મિક માન્યતા વિષયક કેટલાક સચોટ સંસ્કારો મન ઉપર નાખેલા, જેમાંથી ત્રણેકનો નિર્દેશ કરવો અનિવાર્ય બને છે. મૂર્તિની માન્યતા બિલકુલ ધર્મવિરુદ્ધ છે અને તે જીવનને પાડનાર છે એ એક સંસ્કાર, મોઢે મુહપત્તિ બાંધ્યા વિના ધર્મની પૂર્ણાહુતિ નથી થતી એ બીજો સંસ્કાર, અને બત્રીશ આગમ બહાર બીજું કાંઈ શાસ્ત્રીય જ્ઞાન રહેતું જ નથી. ભગવાન મહાવીર આદિ સર્વજ્ઞ પુરુષોએ જે કાંઈ કહ્યું છે તે બધું બત્રીસ આગમમાં જ આવી જાય છે અને તે આગમોનો અક્ષરે અક્ષર તેમણે જ ઉચ્ચારેલો છે એ ત્રીજો સંસ્કાર. કાશીમાં સંસ્કૃત શિક્ષણ તો યથાસાધન ચાલતું જ હતું, પણ હવે આ નવશિક્ષણની વેલીને બીજા પંથની વાડને અવલંબી વિસ્તરવા અને વિકસવાનું હતું. એ બીજો પંથ એટલે શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરા. આ પરંપરાની ધાર્મિક માન્યતાઓ ઉપરના ત્રણે સંસ્કારોથી સાવ જુદી અને વિરુદ્ધ, તેથી કાશીના વાતાવરણમાં મારા મને ભારે મંથન અનુભવ્યું અને તે એટલે સુધી કે પહેલાંના જન્મસિદ્ધ બળવાન સંસ્કારો અને આ નવ સંસ્કારો વચ્ચે શું સત્ય છે અને શું અસત્ય છે એનો નિર્ણય ન થવાથી હું તદ્દન અસ્વસ્થ થઈ જતો અને મારી વેદના કોઈની સમક્ષ કહેતો પણ નહીં. બહારથી હું પણ પૂર્ણપણે કાશી યશોવિજય પાઠશાળાના શ્વેતાંબર મૂર્તિપૂજક વાતાવરણને અનુસરતો, છતાં મનમાં એ વિષે પૂરી બુદ્ધિપુરઃસર ખાતરી થઈ ન હતી પણ મન તો સત્યશોધનની દિશામાં જ ગતિ કરતું. તે માટે વાંચવું જોઈએ તે વાંચતો, વિચારવું જોઈએ તે વિચારતો અને ક્યારેક ક્યારેક વિશ્વસ્ત મિત્રો સાથે બીરુ મનથી, અપ્રકટ ચર્ચા પણ કરતો; પરંતુ પરસ્પર વિરોધી એવા ઉપર સૂચિત ત્રણે સંસ્કારોમાંથી સત્ય તારવવા જેટલો શાસ્ત્રીય જ્ઞાનનો પરિપાક પણ નહીં થયેલો અને સ્વતંત્રપણે નિર્ણય બાંધવા જેટલો માનસિક વિકાસ પણ નહીં થયેલો; કદાચ એમ પણ કહી શકાય કે એવો માનસિક વિકાસ થયેલ, પણ જન્મથી પડેલ અને બીજા દ્વારા સચોટપણે પોષાયેલ 'પરપ્રત્યયનેય બુદ્ધિ'ના સંસ્કારો જ એ વિકાસને યોગ્ય દિશામાં જતા રોકતા. ગમે તેમ હો પણ આવો મંથનકાળ બે–ત્રણ વર્ષથી વધારે ન ચાલ્યો. મને એટલી તો પ્રતીતિ થઈ ગઈ કે જે ત્રણ સંસ્કારો જન્મથી પડેલા છે તે બહુ ભ્રાન્ત છે, નિરાધાર છે અને એક અથવા બીજી ભૂલમાંથી જ પોષણ પામતા જાય છે. મને ધીરે ધીરે કોઈની બાહ્ય પ્રેરણા વિના સ્વક્રિય ચિંતન અને શાસ્ત્રીય વાચનથી સાધારણપણે એમ સમજાતું ગયું કે મૂર્તિની માન્યતાને જીવનના ઉત્ક્રાન્તિક્રમમાં અમુક સ્થાન છે જ અને એ પણ સમજાયું કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોઢે મુહપત્તિના બંધનની માન્યતા એ માત્ર ઐકાન્તિક અને હઠધર્મ છે. એ પણ દીવા જેવું ભાસ્યું કે જૈન શાસ્ત્ર માત્ર બત્રીશ આગમમાં જ સમાઈ જાય છે તે વસ્તુ તદ્દન અજ્ઞાન અને ભ્રમનું પરિણામ છે.

એકવાર ક્યારેક મંદિરમાં નવપદની પૂજા ભણાવાતી. શરૂઆતમાં તો હું પણ દેખાદેખીથી—ગતાનુગતિક્તાને અનુસરીને ત્યાં બેઠેલો, પણ એ ભણાવાતી પૂજાનાં અર્થચિંતન અને તેમાં થયેલ ચિત્તનિમજ્જનને પરિણામે મારા મન ઉપર એક નવો ચમકારો થયો અને મારું કઠિન હૃદય પણ ભક્તિજન્ય અશ્રુપ્રવાહને ખાળી ન શક્યું. આ વખતે મને ઉપાસ્ય સ્થુલ આલંબનની અમુક ભૂમિકામાં સાર્થકતા અનુભવસિદ્ધ થઈ. થોડાં ઘણાં શાસ્ત્રો તો સાંભળ્યાં અને વાંચ્યાં જ, પણ અચાનક બનેલી બીજી એક ઘટનાએ ઉપાધ્યાય યશોવિજયજીના પ્રતિમાશતક નામના ગ્રંથને અવલોકવા મને પ્રેર્યો. એનાં શાસ્ત્રીય સચોટ પૂરાવાઓને બાજુએ મૂકું તોય તેમાંની એક પ્રબળ યુક્તિએ મૂર્તિમાન્યતા વિરુદ્ધના મારા જન્મસિદ્ધ પુષ્ટ સંસ્કારનો ભાંગી ભૂકો કરી નાખ્યો, પણ મારી સંસ્કારપરિવર્તન પ્રક્રિયા હજી ચાલુ જ હતી.

એક ઘટના એવી બની કે મને દિગંબર સંસ્થા નજીક રહેવાનો અવસર પ્રાપ્ત થયો. દિગંબર સંસ્થાના ત્યાગીવર્ગ પંડિતગણ અને વિશિષ્ટ શાસ્ત્રરાશિનો સવિશેષ પરિચય સાધવાની એ તક મેં આદરપૂર્વક વધાવી લીધી. એને લીધે મારા અમુક સંસ્કારોમાં કાંઈક પરિવર્તન થયું અને વિચારવા યોગ્ય એક નવક્ષેત્ર પણ મળ્યું. ત્યારબાદ અનેક પ્રસંગે તેરાપંથ અને બીજા એવા જૈન ફાંટાઓ વિષે પણ વિચારવાનું પ્રાપ્ત થયું. છેવટે હમણાં હમણાં કાનજી મુનિના વલણ વિષે વિચારવાનો પ્રસંગ આવ્યો. જૈન પરંપરાના જૂના અને નવા વિવિધ નાના મોટા ફાંટાઓ વિષે પણ તાત્ત્વિક દૃષ્ટિએ, ઐતિહાસિક દૃષ્ટિએ, સાહિત્ય કે શાસ્ત્રીય દૃષ્ટિએ મુક્ત મને નિર્બંધપણે લગભગ ૫૦ વર્ષ જેટલો ભાગ આજ લગીમાં વીત્યો છે. દરમ્યાન બીજા અનેક દાર્શનિક પ્રવાહો અને ધર્મપંથો વિષે પણ જાણવાનું પ્રાપ્ત થયું છે.

હું કાશીમાં તો મુખ્યપણે ન્યાય, વૈશેષિક, સાંખ્યયોગ અને પૂર્વ ઉત્તરમીમાંસાનાં પ્રામાણિક અને પ્રાચીન શાસ્ત્રો જ ગુરુમુખથી પરંપરાગત રીતે શીખેલો. પણ એ અધ્યયન દરમ્યાન મારું જન્મપ્રાપ્ત અને જૈન સંસ્કાર ધરાવતું માનસ જૈન તત્ત્વજ્ઞાન અને ધર્મ વિષે પણ કાંઈ ને કાંઈ જાણવા, વિશેષ ઊહાપોહ કરવા ચૂકતું નહિ. પણ હજી લગી ભારતીય સંપ્રદાયોમાંના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક પ્રમુખ સંપ્રદાય–બૌદ્ધધર્મ વિષે કાંઈ વિશેષ જાણેલું નહિ, જેનો અવસર આગળ જતાં આવ્યો અને તે વખતે મેં બૌદ્ધ પરંપરાની સ્થવિરમાર્ગ અને મહાયાન બન્ને શાખાઓનાં શાસ્ત્રોને સમજવા અને તેના મર્મને પકડવા ઠીક ઠીક મહેનત કરી. મારી ઇતિહાસ અને તુલનાની દૃષ્ટિ અમુક અંશે વિકસતી જતી હતી, પણ તેને વધારે વેગ તો ત્યારે જ મળ્યો કે, જ્યારે હું માત્ર અધ્યાપન અને વાચનના મારા પ્રિય કામ સાથે સાથે લેખનનું કામ કરવા લાગ્યો. લખવું તો પ્રમાણભૂત જ લખવું અને બને ત્યાં લગી પ્રાચીન વારસામાં કાંઈક નવો ફાળો આપવો એવી ઉગ્ર વૃત્તિમાંથી ઇતિહાસ અને તુલનાદૃષ્ટિને વધારે વેગ મળ્યો. એ વેગમાંથી વધારે ને વધારે નિર્ભયતા અને તટસ્થતા પણ આવતી ગઈ. હવે જૈન પરંપરા અને તેની શાસ્ત્રીય કે વ્યાવહારિક દરેક બાજુ વિષે હું યથાશક્તિ નવેસર વિચારતો થયો અને દરેક ફાંટા વિષેના મારા પહેલાંના સંસ્કારો નવું રૂપાંતર પામવા લાગ્યા, તેમ જ વધારે સચોટ અને સ્પષ્ટ પણ થતા ગયા. આવાં રૂપાંતરની પ્રક્રિયામાં માનસિક મર્યાદાઓ ઉપરાંત સામાજિક અને સાંપ્રદાયિક ઘણી મર્યાદાઓ આડે આવતી. જે વસ્તુ આગળ જતાં સાવ સહેલી લાગી, તે જ સામાજિક અને સાંપ્રદાયિક દબાણો કે ભયસ્થાનોને લીધે શરૂઆતમાં બહુ અઘરી લાગેલી. મને છેવટે અનુભવ થયો કે મૃતક જેવો ફેંકી દેવાને લાયક સંસ્કાર પણ છૂટતાં કેટલી શક્તિનો ભોગ લે છે? હું ઘણીવાર પાછો પડ્યો છું, પણ વિચાર કરતાં છેવટે જે સત્ય દેખાય તેને સ્વીકારવામાં ખુલ્લો એકરાર કરવામાં કદી હાર્યો હોઉં એમ યાદ નથી. એનું કારણ વિચારતાં મને એમ લાગે છે કે અણીને પ્રસંગે ગમે તેવી લાગવગ, ગમે તેવી પ્રતિષ્ઠા કે ગમે તેવો લાભ જતો કરવાનું જે માનસિક સાહસ પ્રગટ્યું તેણે જ ભારે મદદ કરી. મેં કેટલાય પહેલાંના શિષ્યો અને મિત્રો ગુમાવ્યા છે, કેટલાય ધનિકોની સહાનુભૂતિ ગુમાવી છે, એટલું જ નહિ પણ કેટલાકની ખફામરજી અને કેટલાયનો વિરોધ પણ વહોર્યો છે, પણ તે હસતે મોઢે–મને એમાં લેશ પણ દુઃખ થયું નથી. આવે વખતે મારો પોતાનો જ એ અનુભવ મદદગાર થયો કે માણસ નવા નવા પ્રકાશમાં ન વિચરે અને નવી નવી પ્રાપ્ત સામગ્રીને આધારે નિર્ભયપણે વિચાર ન કરે તો એનું માનસ કેવું જડ થઈ જાય છે, કેવું દુરાગ્રહી થઈ જાય છે અને તે સત્યની વાત કરવા છતાં સત્યથી કેવું પરાંગમુખ બની ગતિ કરે છે! ઊંડી મમતા ધરાવનાર કેટલાય સાધુઓ, સાધ્વીઓ અને આચાર્યો સુદ્ધાંની હૂંફ મેં એ જ કારણે જતી કરી છે. પણ એમાં મેં કશું ગુમાવ્યું હોય એમ આજે પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી લાગતું, ઊલટું ધન્યતા અનુભવું છું. એમ ધારીને કે હું જાણી જોઈને લોભ, લાલચ, દબાણ કે અનુસરણને વશ થઈ અવિદ્યા કે અસત્યને રસ્તે ન ગયો એ કાંઈ નાનો સૂનો લાભ છે?

મારી જીવનદષ્ટિ ઘડવામાં અને સત્યશોધનની રુચિ તીવ્ર બનાવવામાં શાસ્ત્રીય વ્યાસંગ ઉપરાંત બીજાં પણ કેટલાંક બળોએ કામ કર્યું છે. એ બળો એટલે સંતમહાત્માનો સીધો સમાગમ. જ્યારથી ગાંધીજી હિન્દુસ્તાનમાં આવી સ્થિર થયા ત્યારથી જ તેમને મળવામાં, તેમની સાથે ચર્ચા કરવામાં અને બને ત્યારે થોડો પણ તેમનો સહવાસ કરવામાં મને પૂરો રસ હતો. તેને લીધે ઘણા પૂર્વગ્રહો બદલાયા અને ઘણા પૂર્વગ્રહો વધારે સંશોધિત થયા. શ્રદ્ધેય મશરુવાલાના જાતસમાગમ અને પ્રત્યક્ષ ચર્ચા તેમ જ તેમનાં લખાણોના વાચને પણ વિચારનું નવું પ્રસ્થાન પૂરું પાડ્યું. પૂજ્ય નાથજી જેવા સમર્થ યોગાભ્યાસી સાથેની પ્રત્યક્ષ વાતચીતો અને ચર્ચાઓએ પણ ભ્રમનાં ઘણાં જાળાં તોડ્યાં. આ રીતે શાસ્ત્રીય વાચન, ચિંતન, સત્ય-જિજ્ઞાસાની નિષ્ઠામાં પરિણમ્યું. અલબત્ત, મારે કબૂલ કરવું જોઈએ કે મારી આ નિષ્ઠા હજી અનુભવમાં ઊતરી નથી. માત્ર વિચાર અને નિર્ણય પૂરતી જ છે. અને તેથી તે પરોક્ષ છે એમ જ કહી શકાય. પણ જ્યારે હું જોઉં છું કે સત્યસંશોધનની પરોક્ષ નિષ્ઠા પણ માણસના મનને કેટલું અજવાળે છે અને તેને કેટલું બળ અર્પે છે, ત્યારે અંધકારદૂતનું મારું વિશ્વ જુદું રૂપ ધારણ કરે છે.

ઘણાં વર્ષો પહેલેથી મારા નિકટના ગંભીર વિદ્વાનો મને હમેશાં એમ જ કહેતા આવ્યા છે કે તમે જૈન શાસ્ત્રના અનુવાદ, વિવેચન અને સંપાદનો પાછળ શા માટે પડ્યા છો? છેવટે તો જૈન સમાજ ખાબોચિયા જેટલો, તેમાંય સમજનાર અને કદરદાન કેટલો? વળી તેઓ એમ પણ કહેતા રહ્યા છે કે જો તમે વૈદિક પરંપરાનાં વિવિધ દર્શનોનો અને બૌદ્ધ દર્શનનો જિજ્ઞાસુભાવે પ્રામાણિક અભ્યાસ કર્યો છે તો એ દર્શનો વિષે મુખ્યપણે કામ કેમ નથી કરતા? એક તો એનું ક્ષેત્ર વિશાળ અને બીજું તમારો શ્રમ પણ વધારે સાર્થક બને. મિત્રોની એ વાત તદ્દન સાચી છે એમ હું પહેલેથી જ જાણું છું. વૈદિક દર્શનો અને બૌદ્ધ દર્શન વિષે હું શાસ્ત્રીયકામ કરું તો કાર્યપ્રદેશ વિસ્તારવા ઉપરાંત યશકીર્તિ અને અર્થલાભ પણ વધવાનો એ વિષે મને કદી સંદેહ ન હતો અને હજી પણ નથી; છતાં મને હમેશાં એમ જ થયા કર્યું છે કે હું જે પરંપરામાં જન્મ્યો છું તેમાં કામ કરવાની મારી

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

શક્તિ હોય અને તેવો અવકાશ પણ હોય તો મારે બીજા દેખીતા લાભોને ભોગે પણ એ જ પરંપરાનું કામ મુખ્યપણે કરવું જોઈએ. છેવટે માનવ–સમાજ તો એક જ છે. જૈન સમાજ એ મોટા સમાજનું નાનું પણ અગત્યનું અંગ છે. તેની સાહિત્ય અને સંસ્કાર સમૃદ્ધિ પ્રાચીન હોવા ઉપરાંત ઉપયોગી અને મૂલ્યવતી પણ છે, તો પછી એનું સંશોધન કાં ન કરવું? છેવટે તો જો સંશોધન સાચું અને વ્યાપક હશે તો બીજી દાર્શનિક પરંપરાઓના સંશોધનમાં પણ ઉપયોગી થશે. આવી શ્રદ્ધાથી હું છેલ્લાં ત્રીશ વર્ષ થયાં અવિચ્છિન્નપણે જૈનપરંપરાના શાસ્ત્રીય અને વ્યાવહારિક ક્ષેત્રને અલ્પાંશે પણ ખેડી રહ્યો છું. એ ખેડાણની અસર જૈન સમાજના રૂઢ વર્ગમાં ગમે તેટલી ઊલટી થઈ હોય છતાં વાસ્તવિક રીતે એણે જૈન પરંપરાના વિચાર-પ્રદેશને પણ ઉન્નત કરવામાં કે પરિમાર્જિત કરવામાં અલ્પાંશે પણ ફાળો આપ્યો છે એમ હું અનુભવથી કહું તો કોઈ અત્યુક્તિ કે ગર્વોક્તિ ન સમજે, કેમકે છેવટે તો મારી પામરતા અને અલ્પતાનું મને જેટલું ભાન છે તેટલું બીજાને ભાગ્યે જ હશે. આટલું કથન પણ એટલા માટે કરું છું કે તટસ્થ અને નિર્ભય વૃત્તિનું પરિણામ એકંદર કેવું ઇષ્ટ આવે છે તે સમજી શકાય.

મેં સામાજિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ જે વિચારો કર્યા છે તે કરતાં ધર્મ અને તત્ત્વજ્ઞાનની વ્યાપક દૃષ્ટિએ કાંઈક વધારે વિચારો કર્યા છે. અથવા એમ કહો કે એવા વિચારો મારે કરવા પડ્યા છે. એને લીધે મેં જૈન–જૈનેતર સમાજમાં ચાલતી અનેક સંસ્થાઓમાં અપાતા ધર્મ તત્ત્વજ્ઞાન વિષયક શિક્ષણ અને તેના પાઠ્યક્રમનું થોડું પરિશીલન પણ કર્યું છે. મને અનુભવે લાગ્યું છે કે આપણે ત્યાં અપાતું ધર્મ અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ બહુ જ સંકુચિત દૃષ્ટિથી તેમ જ અયોગ્ય હાથે–અયોગ્ય રીતે અપાય છે. પરિણામે એવું શિક્ષણ લેનાર, આગળ જતાં જો તેજસ્વી હોય તો ધર્મ અને તત્ત્વજ્ઞાનના શિક્ષણ પ્રત્યે અશ્રદ્ધાળુ બની જાય છે. અને જો તે મધ્યમ શક્તિનો અગર પ્રથમાધિકારી હોય તો સાવ જડ બની જાય છે. તે પોતાનું સત્ય બીજાને બુદ્ધિપૂર્વક સમજાવી નથી શકતો અને બીજાનું ગમે તેટલું સારું તેમ જ સચોટ વક્તવ્ય હોય તોપણ તેને કાં તો સમજી જ નથી શકતો અગર તે સમજવાની પરવા નથી કરતો. તેથી જ્યાં દેખો ત્યાં ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં શિક્ષણને પરિણામે નિસ્તેજ માસ્તરોનું જ જૂથ નજરે પડે છે. અધ્યયન, વિચાર અને વિવેકની વધારેમાં વધારે સામગ્રીના આ જમાનામાં પણ જૈન સમાજના ધર્મ કે તત્ત્વજ્ઞાનના શિક્ષકો સાવ તેજોહીન જ દેખાય છે; અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૈસાદાર કે સત્તાધારી કે મદારીવૃત્તિના ગુરુવર્ગનાં રમકડાં માત્ર બની જાય છે. તેમનું ધર્મ અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ તેમને જ કેદમાં પૂરે છે. અને સમાજ તો જ્યાં હતો ત્યાં જ રહે છે. જૂની ઢબની જે પાઠશાળાઓ ધર્મ-શિક્ષકને તૈયાર કરે છે અગર જે પાઠશાળાઓ એવા ધર્મશિક્ષકોને આશ્રય આપે છે, તેમ જ જે નવી ઢબનાં ગુરુકુળો, બ્રહ્મચર્યાશ્રમો અને છાત્રાલયો કે કૉલેજો આ દિશામાં કામ કરે છે તે બધાંની એકંદર ઓછેવધત્તે અંશે આ જ સ્થિતિ છે. તેમાં શીખનાર વિદ્યાર્થી હોય કે શીખવનાર પંડિત. માસ્તર કે અધ્યાપક હોય; તે બધા જાણે પરવશપણે અને અરુચિથી જ એ શીખે–શિખવે છે એમ ગમે તે જોનાર જોઈ શકશે.

એક તરફ ધર્મ અને તત્ત્વજ્ઞાનના શિક્ષણ પ્રત્યેનો અનુરાગ આપણને હાડોહાડ વ્યાપેલ છે, અને બીજી બાજુ તેવું શિક્ષણ લેનાર કે દેનાર પ્રત્યે આપણી જોઈએ તેવી બહુમાનવૃત્તિ નથી એટલું જ નહીં પણ મોટે ભાગે તો આવું શિક્ષણ લેનાર કે દેનારને આપણે તુચ્છ દૃષ્ટિથી જોઈએ છીએ. આનો પડઘો ધર્મ અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ લેનાર વિદ્યાર્થી અને દેનાર શિક્ષકો ઉપર પડે છે. તેઓ એક અથવા બીજી લાચારીને લીધે તેમાં પડેલ હોય છે. પણ તેઓ પોતાના મનને ચોવીસે કલાક કહ્યા કરે છે કે તું આ ચક્રમાંથી મુક્ત થા ! ધર્મ તત્ત્વજ્ઞાનના શિક્ષણમાં જેમણે અનેક વર્ષો ગાળ્યાં હોય એવા અનેક તેજસ્વીઓને મેં જોયા છે કે જે હમેશને માટે તે ક્ષેત્ર છોડી દે છે. એટલું જ નહીં પણ પોતાની સંતતિ કે પોતાના લાગતા–વળગતા કોઈને એ રસ્તે જતાં તદ્દન રોકે છે. આનું મૂળ, ધર્મ અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ લેનાર–દેનાર પ્રત્યેની આપણી તુચ્છદૃષ્ટિમાં રહેલું છે.

મેં એકવાર એક સમર્થ સંસ્થા ચલાવનાર બહેનને કહેલું કે તમે ધર્મ–શિક્ષણનો જેટલો આગ્રહ રાખો છો, ઓછામાં ઓછું તેટલું બહુમાન તો ધર્મશિક્ષક પ્રત્યે રાખવું જ ઘટે. જો તમે ધર્મશિક્ષકને હાર્દિક આદરથી નહીં જોતાં હો અગર ન જોઈ શકો તો ખરી રીતે એમાં ધર્મશિક્ષણની જ હત્યા છે. જૂની પ્રણાલીમાં દોષ જોનાર નવા શિક્ષિત ગણાતા વર્ગે પોતાને આશ્રયે ચાલતાં વિદ્યાલયો કે છાત્રાલયોમાં પણ ધર્મ કે તત્ત્વજ્ઞાનના શિક્ષણ વિષે કોઈ ધ્યાન ખેંચે એવો સુધારો કર્યો નથી એ એક દુર્દૈવ છે. ઘણીવાર એમ જ લાગે છે કે નવશિક્ષણ પામેલ વકીલ, સોલિસિટર, બૅરિસ્ટર ડૉક્ટર કે વ્યાપારી–એ બધા નવી સંસ્થાઓમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપે–અપાવે છે તે માત્ર તીર્થપુરોહિતની વૃત્તિ જેવું છે. એવા પુરોહિતો

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

જે તીર્થમાં રહે તેની પવિત્રતા અને મહત્તાનાં ગુણગાન કરે છે તે ફક્ત યાત્રાળુઓની શ્રદ્ધા સતેજ કરી તે દ્વારા ધર્મ મેળવવા; કેમકે પુરોહિતો પોતે જ એ તીર્થોની પવિત્રતા ભાગ્યે જ સાચવતા હોય છે. એ જ રીતે ઘણીવાર કહેવાતી નવી સંસ્થાના સૂત્રધારો પણ, ભલે ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં શિક્ષણના નામે ધર્મ પ્રત્યે શ્રદ્ધા ધરાવનાર ધનવાનોની શ્રદ્ધાને સંસ્થાના હિતમાં હોવાની સદ્વૃત્તિથી પ્રેરાયા હોય, છતાંય તેઓ છેવટે ધર્મ અને તત્ત્વજ્ઞાનના શિક્ષણમાં મહત્ત્વના કોઈ ફેરફાર કરી શકતા નથી, અને જૂની પાઠશાળાઓની નવી આવૃત્તિ ઊભી કરતા જ દેખાય છે. વિશેષતા એ હોય છે કે જૂની પાઠશાળાના ગામડિયા કે રૂઢી વિદ્યાર્થીઓ બંડખોર નથી હોતા જ્યારે કોલેજ અને યુનિવર્સિટીના છાત્રો પૂરા બંડખોર હોવાથી વિદ્યાલયો કે છાત્રાલયોના સંચાલકોની પૂરેપૂરી ઠેકડી કરે છે; અને એ રીતે ધર્મ તેમ જ તત્ત્વજ્ઞાનની વગોવણી થાય છે. તેથી આ પ્રશ્ન નવેસરથી તત્કાળ વિચારણા માગે છે.

પ્રાચીન પુસ્તકોનાં પ્રકાશન અને સમ્પાદનનો નાદ લાગ્યો છે તે એક રીતે સારી જ વસ્તુ છે. પણ દુર્દૈવે એમ બન્યું છે કે આ ક્ષેત્રમાં કામ કરનાર મોટો ગુરુવર્ગ કે પંડિતવર્ગ એ દ્વારા સમાજ કે જ્ઞાનની કોઈ ઉન્નત ભૂમિકા સાધવાને બદલે પોતપોતાની નામના, પોતપોતાની જુદી પેઢી અને પોતપોતાના જુદા ચોકાને પોષવા ખાતર જ કચરાપટ્ટી જેવાં પ્રકાશન કે સમ્પાદનકાર્યમાં સમાજની અને પોતાની સમગ્ર શક્તિનો અપવ્યય કરે છે. જ્ઞાનમાં કે વિચારમાં નવો ફાળો આપવાની વાત તો બાજુએ રહી, પણ ઘણીવાર એવાં ભાષાન્તરો અને નવી ટીકાઓ રચાતાં–છપાતાં દેખાય છે કે જ્યાં મૂળને સમજવા માટે એક ગુરુની જરૂર હોય ત્યાં તેની સંસ્કૃત ટીકા સમજવા અનેક ગુરુની જરૂર પડે. જુદા જુદા ચોકાની સ્પર્ધા પણ એવી છે કે એક સાધુ અણસમજુ શ્રદ્ધાળુ શ્રાવકને અમુક ગ્રંથનું મહત્ત્વ ઠસાવી તેની મદદ લે તો બીજો તેથી ય ઊતરતા ગ્રંથનું તેથી ય વધારે મહત્ત્વ પોતાના અણસમજુ શ્રાવકને સમજાવી તેની પાસેથી વધારે મદદ લે. આમ જ્યાં દેખો ત્યાં, પ્રકાશન સંસ્થાની અવિવેકી હરીફાઈને લીધે નથી. યોગ્ય સાહિત્યનું યોગ્ય રીતે સમ્પાદન થતું, નથી જરૂરી નવું તત્ત્વ દાખલ થતું કે નથી પિષ્ટપેષણ અટકતું.

ભારતીય દર્શન સાહિત્યની એક વિશેષતા જૈન સાહિત્યમાં પણ આવી છે; પરંતુ તે વિશેષતા ગુણરૂપે પરિણમવા કરતાં દોષરૂપે જ વધારે પરિણમી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. એ વિશેષતા એટલે નાના કે મોટા ગમે તે મુદ્દા પરત્વે મતભેદ હોય ત્યાં બીજાનું ખંડન અને પોતાનું મંડન કરવાની શૈલી. આ શૈલી માત્ર વાદરૂપ ન રહેતાં વિવાદમાં પરિણામ પામી છે. એક તો જૈન સમાજ નાનો, તેમાં ત્યાગી કે પંડિતવર્ગ તેથીયે નાનો, તેમાં અનેક ફિરકા અને ગચ્છભેદો વચ્ચે અરસપરસ નજીવા મતભેદમાંથી મોટી તકરારો અને વિવાદો ઊભા થાય એટલે એવે પ્રસંગે શિક્ષણ વખતે વારસામાં મળેલ ખંડનમંડનની શૈલી ઉગ્ર વિવાદરૂપે અને ઘણીવાર મૂર્ખાની સૂચક ચર્ચારૂપે બહાર આવે છે. જૈન પંડિતો અને જૈન ત્યાગીઓને બહુધા અંદરોઅંદર જ વાદવિવાદમાં ઊતરવું પડે છે. બીજા બળવાન સમ્પ્રદાય કે દર્શનોના વિદ્વાનો સમક્ષ તેઓ ભલે ચૂપકીદી પકડે, છતાં ઘણીવાર તેઓ અંદરોઅંદર આખડે છે. એવે વખતે વારસામાં મળેલ અનેકાન્તનો પ્રાણભૂત સમન્વય સિદ્ધાંત બાજુએ રહી જાય છે અને સામસામી છાવણીઓ રચાય છે. સ્થાનકવાસી અને મૂર્તિપૂજક, દિગંબર અને શ્વેતાંબર, તેરાપંથી અને સ્થાનકવાસી એ જ પક્ષો અંદરો-અંદર આખડતા હોય તોય બહુ ન હતું, પણ હવે તો આ રોગ એટલે સુધી વધ્યો છે કે એક જ ફિરકાના અને એક જ ગચ્છના બે જુદા જુદા ગુરુ ધરાવનાર પક્ષો પણ તિથિભેદ જેવી નજીવી બાબતમાં મહાયુદ્ધના મોરચા માંડે છે, અને સમાજમાં અલ્પાંશે જીવતું રહેલ સૌમનસ્ય અને ઐક્ય ધર્મરક્ષાને બહાને વેડફી નાખે છે. માત્ર પંડિતો કે માત્ર સાધુઓ અંદરો-અંદર લડી મરતા હોત તો બહુ કહેવાપણું પણ ન રહેત. અહીં બન્ને પક્ષકારો શ્રાવકગણને પણ સંડોવે છે. શ્રાવકો પણ એટલા બધા શાણા અને ઉદાર છે કે પોતાનું સમગ્ર શાણપણ અને ઔદાર્ય હિટલર તેમ જ સ્ટેલિનને ચરણે ધરી દે છે. મને તો એ જ નથી સમજાતું કે જેઓ મહાવ્રતી અને મહાશાસ્ત્રધાર કે મહાવક્તા હોય તેઓને તેમનો અહિંસા અને સ્યાદ્-વાદ સિદ્ધાંત આવા વિષમ પ્રસંગે સૂઝતો કેમ નહિ હોય? અગર તેમને સહાયક થતો કેમ નહિ હોય? જો ભગવાનના અહિંસા અને અનેકાન્તના સિદ્ધાંતનું સામાજિક જીવનમાં આવું દેવાળું જ કાઢવાનું હોય તો આપણે બીજા સમક્ષ કયે મોઢે તેનું મહત્ત્વ બતાવી શકીશું! એ જરા વિચારો અને જો આપણે આ રીતે વૈમનસ્ય અને તકરારનું વિષપાન કરતા રહ્યા તેમ જ એવી તકરારના મોવડીઓને માન આપતા રહ્યા તો શું આપણે એવી આશા રાખી શકીએ કે ક્યારેક પણ જૈન સમાજના જુદા જુદા ફિરકાઓ સર્વમાન્ય સામાન્ય સિદ્ધાંત ઉપર ખરા દિલથી એક તખતા ઉપર એકત્ર થવાના? આજ લગી ગમે તેમ ચાલ્યું અને નભ્યું હોય, પણ હવે આ સ્થિતિ એક

ક્ષણ નભાવી લેવા જેવી નથી. મને આવા ક્ષુદ્ર મતભેદની મહા તકરારોનું મૂળ કારણ વિચારતાં એ લાગ્યું છે કે ધર્મક્ષેત્રને કુરુક્ષેત્ર બનાવનાર પંડિતો અને ત્યાગીઓની સામે કોઈ મહાન રચનાત્મક આદર્શ નથી, એટલે તેમની ફાજલ પડેલી શક્તિઓ વારસામાં મળેલ ખંડનશૈલીનો આશ્રય લઈ બીજા સામે બાથ ભીડવાની અશક્તિને લીધે અંદરોઅંદર અફળાય છે અને સમાજને છિન્નભિન્ન કરી નાખે છે. આના નિવારણનો ઉપાય એ જ છે કે તેવા વિદ્વાન ગણાતા પંડિતો અને ત્યાગીઓ સાહિત્ય, સમાજ કે રાષ્ટ્રના કોઈ પણ નવપ્રદેશમાં પોતાનો રચનાત્મક ફાળો આપે. જ્યારે તેઓ કાંઈ પણ નવસર્જન કરવા પ્રેરાયા હશે ત્યારે તેમને નકામા બોલવા, લખવા કે તકરાર કરવા જેટલી ફુરસદ જ નહિ રહે. જો સમયસર કોઈ નહિ ચેતે તો થોડા જ વખતમાં તેવા વર્ગનો અને તે વર્ગના આશ્રયભૂત શાસ્ત્રનો કોઈ સમજદાર ભાવ પણ નહિ પૂછે.

ઉપરની ચર્ચા સાંભળનાર એક પ્રશ્ન જરૂર કરી શકે કે સમાજને નવ-સર્જનને યોગ્ય નવો ફાળો આપ્યાની સર્વમાન્ય કસોટી શી?

મારો ઉત્તર એ છે કે શાસ્ત્ર, શિક્ષણ, સમાજ કે રાષ્ટ્ર વગેરે કોઈ પણ ક્ષેત્રમાં કરાયેલ સર્જકપ્રયત્નનું મૂલ્ય જો જૈનેતર સમાજમાં અંકાય અને જૈનેતર લોકો માટે પણ અનુકરણીય બને તો જરૂર સમજવું કે જૈનોનું એ નવસર્જન સમાજને યુગાનુરૂપ ફાળો છે.

મેં પ્રારંભમાં જ કહ્યું છે કે આ ચંદ્રક–અર્પણ વૈયક્તિક નથી. જો એનો પ્રેરકહેતુ શાસ્ત્ર ઉપાસના અને સત્યસંશોધનવૃત્તિ હોય તો તે ચંદ્રક પણ છેવટે તેને જ ફાળે જવો જોઈએ. હું અત્યારે વ્યક્તિગત રીતે સ્વીકારું તોય તે પચે તો એવા પ્રેરક હેતુને જ, તેથી આ ચંદ્રક હું જૈન સંસ્કૃતિ–સંશોધક મંડળને ભેટ આપું છું, કેમકે એ મંડળ પહેલેથી જ તેવા સત્ય–સંશોધન વૃત્તિના આધાર ઉપર રચાયું છે અને તે જ દિશામાં નિષ્કામપણે કામ કરી રહ્યું છે, જેનો હું સાક્ષી છું. એ મંડળ કરતાં વધારે નિર્ભયપણે અને વધારે નિષ્ઠા સાથે કોઈ બીજી સંસ્થા જૈન સમાજમાં ક્યાંય કામ કરી રહી હોય તો તે હું નથી જાણતો. વળી ઉક્ત મંડળનો હું એક વિનમ્ર સભ્ય છું અને તેનો સક્રિય કાર્યકર્તા પણ છું, તેથી જે નિષ્ઠાને લીધે આ ચંદ્રક અર્પવામાં આવે છે તે જ નિષ્ઠા સેવનાર જૈન મંડળને આ ચંદ્રક એની ઇચ્છા પ્રમાણે ઉપયોગ કરવા માટે સોંપી દઉં તો હું ધારું છું કે તમે બધા પ્રસન્ન થશો જ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હું છેવટે જેઓ જૈન સંસ્કૃતિ મંડળ વિષે અને તેની અત્યારલગીની પ્રવૃત્તિ વિષે ન જાણતા હોય તેમનું ધ્યાન એ તરફ ખેંચું છું અને માગી લઉં છું કે જેઓ જૈન સંસ્કૃતિના પુનઃ સંશોધનમાં થોડો પણ રસ ધરાવતા હોય તેઓ એ મંડળના સભ્ય બને અને તેના સાહિત્યને વાંચે–વિચારે તેમ જ તેનું ધોરણ સાચવી તેમાં પોતાનો ફાળો આપે.

અહીં જે ભાઈ–બહેનો ઉપસ્થિત છે તેમને મારી એક વિનતિ છે, તે એ કે જેઓની શક્તિ અને રુચિ હોય તેઓ મારાં ગુજરાતી કે હિંદી લખાણો વાંચે. હું એ નથી ઇચ્છતો કે કોઈ તેને અંધ અનુગામી બનીને જ વાંચે. મારી આકાંક્ષા તો હમેશાં એ રહી છે કે વાંચનાર વાંચે તે સમાલોચક દૃષ્ટિએ વાંચે. એવા વાચનમાંથી જ વાચક અને લેખકની ભૂમિકા ઉન્નત થાય છે અને સમાજનું ધોરણ પણ ઊંચું આવે છે. અલબત્ત, સમાલોચનામાં પણ વિવેક અને સમત્વની તો જરૂર હોય જ છે. છતાં સમાલોચનાનો મુખ્ય સૂર સાંભળેલ–વાંચેલમાંથી અસંગત કે ખોટી વસ્તુઓને તારવી દૂર કરવા–કરાવવાનો હોય છે. મારાં લખાણનો મોટો ભાગ જૈન પરંપરાને જ સ્પર્શ કરે છે, તેથી જૈનો માટે એ જેટલે અંશે અનુકૂળ આવે તેટલે અંશે જૈનેતરોને કદાચ અનુકૂળ ન આવે, અગર સમજવામાં સરળ ન પડે; છતાં હું પોતે એમ માનનારો છું કે જ્ઞાન અને વિચારની ભૂમિકામાં આ કે તે પંથનો ચોકો ન જ રહેવો જોઈએ. જૈનો જો એમ માનીને વર્તે કે જૈનેતર સાહિત્ય કે શાસ્ત્ર વાંચવા–ચિંતવવાથી શો ફાયદો, તો તેઓ પોતે પોતાની જૈનપરંપરાને પણ કદી પૂરો ન્યાય આપી નહીં શકે. એ જ રીતે જૈનેતરો પણ પોતાની આસપાસની જૈન પરંપરા વિષે વાસ્તવિકપણે ન જાણે તો તેઓની જ્ઞાનસીમા પણ એકદેશીય અને ભ્રાન્ત રહેવાની. વળી જેમ વ્યવહારના દરેક ક્ષેત્રમાં જૈન કે જૈનેતર એ ભેદ નથી ચાલતો તેમ તત્ત્વજ્ઞાન અને ધર્મના વિચાર–ક્ષેત્રમાં પણ એવો ભેદ અસ્થાને છે. મેં પોતે તો આખા અભ્યાસકાળ દરમ્યાન વૈદિક, જરથુસ્ત, ઇસ્લામ અને ખ્રિસ્તી આદિ પરંપરાઓના અભ્યાસ પ્રત્યે એટલા જ હાર્દિક આદરથી ધ્યાન આપ્યું છે, જેટલા આદરથી જૈન પરંપરાના અભ્યાસ પ્રત્યે. પરિણામે મને બધામાં પરિભાષાભેદ અને બીજા એવા સ્થૂળભેદ સિવાય વાસ્તવિક જીવનસ્પર્શી ભેદ જેવું કાંઈ દેખાયું નથી. એથી તો અભ્યાસમાં રસ પોષાયો છે ને જ્ઞાનની પિપાસા સતેજ બની છે. હું ધારું છું કે આ ન્યાય સૌને લાગુ પડી શકે છે. મેં માત્ર જૈનપરંપરાને લક્ષી લખ્યું છે તે તો એ દૃષ્ટિથી કે તેનું સાહિત્ય અને તેની વિચારપ્રણાલિકા એકદેશીય મટી યુગાનુરૂપ વ્યાપક બને., એટલે

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

એમાંથી જૈનેતરોને પણ બહુ નહીં તો થોડુંક પણ વિચારવા જેવું મળશે જ. મેં જ્યારે જ્યારે સમાજની બાબતમાં લખ્યું છે ત્યારે મુખ્યપણે જૈન સમાજને જ લક્ષમાં રાખ્યો છે, તેનું કારણ એ નથી કે બીજા સમાજ કરતાં જૈન સમાજને હું ચડિયાતો માનું છું. પણ તેનું કારણ માત્ર એટલું જ છે, કે હું મારું વક્તવ્ય જૈન સમાજને સમજાવી શકું ને કેટલીક ત્રુટીઓ તરફ તેનું ધ્યાન ખેંચી શકું તો તે દ્વારા મારી અલ્પશક્તિનો ઉપયોગ બીજા સમાજો માટે પણ સુકર બને. આ જ કારણથી હું જૈન–જૈનેતર બધાને સમાનભાવે વાંચવા–વિચારવા વિનવું છું *

—સમયધર્મ, વર્ષ ૧૬, અંક ૨૦–૨૧–૨૨ (વિ. સં. ૨૦૦૩)

* શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રકના સ્વીકાર નિમિત્તે, શ્રી વિજયધર્મસૂરિજીના સ્વર્ગવાસની પચીસમી જયંતી પ્રસંગે, ભાવનગરમાં તા. ૨૯–૯–૪૭ના રોજ આપેલ ભાષણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org